BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
( Established vide Government of Gujarat Act No. 23/2015 )
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
( ગુજરાત અધિનિયમ નં. ૨૩ / ૨૦૧૫ દ્વારા સંચાલિત )
Azadi Ka Amrit Mahotsav

પરિપત્ર :

વિષય : AISHE ટ્રેનીંગ વર્કશોપમાં ઉપસ્થિત રહેવા બાબત

સંદર્ભ : AISHE ના પત્ર ક્રમાંક KCG/AISHE/2023-24, તા. ૧૪/૦૨/૨૦૨૪

ભક્તકવિ નરસિંહ મહેતા યુનીવર્સીટી સંલગ્ન જુનાગઢ, પોરબંદર તેમજ અમરેલી જીલ્લાઓની તમામ કોલેજોના આચાર્યશ્રીઓ ને જણાવવાનું કે **All India Survey On Higher Education (AISHE)** અંતર્ગત શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ નો સર્વે નવા ફોરમેટ સાથે શરુ થઇ ગયેલ છે. આ સર્વેમાં આપની સંસ્થા/કોલેજનું શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ નું **Data Capture Formet (DCF) AISHE** પોર્ટલ પર ઓનલાઈન ભરવાનો થાય છે જેમાં કેટલાક ફેરફારો કરવામાં આવેલ છે જે સમજવા, નોડલ ઓફિસરશ્રીઓ ની મુશ્કેલીઓ દુર કરવા અને કોલેજો/સંસ્થાઓ દ્વારા તમામ માહિતી યોગ્ય, સચોટ અને ક્ષતિરહિત ભરાય તે હેતુથી તા.૨૩-૦૨-૨૦૨૪ ને શુક્રવાર ના રોજ અત્રેની યુનીવર્સીટી દ્વારા એક વર્કશોપનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં State Nodal Officer તેમજ તેમની ટીમ આ અંગેની સંપૂર્ણ જાણકારી આપશે તો આપશ્રીની કોલેજના AISHE નોડલ ઓફિસરને નીચે દર્શાવેલ સમય, તારીખ અને સ્થળે આ વર્કશોપમાં ઉપસ્થિત રહેવા જણાવવામાં આવે છે. આ વર્કશોપમાં હાજરી આપનાર આપની કોલેજના નોડલ ઓફિસરની વિગત આ સાથે સામેલ પત્રકમાં ભરી unoaishebknmu@gmail.com પર તા. ૨૦-૦૨-૨૦૨૪ સુધીમાં મોકલી આપવા જણાવવામાં આવે છે.

વર્કશોપનું સ્થળ : ભક્તકવિ નરસિંહ મહેતા યુનીવર્સીટી, ખડિયા, જુનાગઢ.
વર્કશોપની તારીખ : ૨૩-૦૨-૨૦૨૪
વર્કશોપનો સમય : સવારે ૧૦:૩૦ કલાકે (રજીસ્ટ્રેશન અને તાલીમ)

ખાસ નોંધ :

**NAAC accreditation માટે આપના દ્વારા AISHE પોર્ટલ પર અપલોડ કરેલ DCF ની માહિતી જ માન્ય ગણાય છે જેથી કોલેજ દ્વારા DCF અપલોડ કરી દીધેલ હોય તો પણ આ વર્કશોપની અગત્યતા ધ્યાને લઇ આપની કોલેજનાં નોડલ ઓફિસરને ખાસ હાજર રહેવા જણાવવામાં આવે છે. આપ સર્વેની ભોજન વ્યવથા અત્રેથી કરવામાં આવેલ છે. આ વર્કશોપમાં હાજર રહેવા બદલ TA/DA અત્રેથી આપવામાં આવશે નહિ.**

યુનીવર્સીટી નોડલ ઓફિસર
(AISHE)

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/AISHE/૩૪૩/૨૦૨૪
ભક્તકવિ નરસિંહ મહેતા યુનીવર્સીટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, યુનીવર્સીટી રોડ,
ખડિયા, જુનાગઢ.
તા.૧૭/૦૨/૨૦૨૪

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનીવર્સીટી સંલગ્ન જુનાગઢ, પોરબંદર તેમજ અમરેલી જિલ્લાઓની તમામ કોલેજના આચાર્યશ્રીઓ તરફ...

નકલ સાદર રવાના :-
- માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રી ના અંગત સચિવશ્રી

નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે :-
- આઈ.ટી. સેલ વેબ સાઈટ પર પ્રસિદ્ધ થવા અને યોગ્ય કાર્યવાહી અર્થે

# NODAL OFFICER DETAILS

| COLLEGE NAME | NODAL OFFICER NAME | NODAL OFFICER MOBILE NO. | NODAL OFFICER E-MAIL ID |
|---|---|---|---|
| | | | |

STAMP & SINGANTURE OF PRINCIPAL